


મુન્નાભાઈ MBBS ફિલ્મનો હીરો કેમ ફાઈનલ... Pg.2

ગુજરાતમિત્ર શો ટાઈમ

ગુરુવાર ૨ એપ્રિલ, ૨૦૨૬



સોફીને બોલિવૂડમાં સૌથી મોટી મુશ્કેલી કઇ નડી હતી? Pg.4

# બિઝી ભલે હોવ પણ... પ્રિયંકા બનવું ઈઝી નથી




**અનન્યા ગમે તેટલા પ્રયત્ન કરે પણ જે સફળતા પ્રિયંકા ચોપરાએ મેળવી છે તે સફળતાથી અનન્યા કે અન્ય કોઈ પણ એક્ટ્રેસ હજી ઘણી દૂર છે**


**ઘણા એવી દલીલ કરે કે પ્રિયંકાએ અમેરિકન પોપ સિંગર નીક જોનાસ સાથે લગ્ન કર્યાં તે માટે તેને આટલી લાઇમલાઇટ મળે છે, તેના કારણે તેને હોલિવૂડમાં ઓળખતા થયા છે. પરંતુ, આ વાતમાં કોઈ તથ્ય નથી. ખરેખર તો નીક જોનાસ સાથે લગ્ન થયા તે પહેલાં જ પ્રિયંકાએ હોલિવુડમાં પોતાનું સ્થાન બનાવી લીધું હતું**

બોલિવૂડમાં સફળતા મેળવવી એક વાત છે અને વૈશ્વિક સ્તરે નામના મેળવવી એક અલગ વાત છે. બોલિવૂડમાં એવા ઘણા એક્ટર્સ છે જેમણે હોલિવૂડમાં પણ પગપેસારો કરવાનો પ્રયત્ન કર્યો હોય જેમકે, ઐશ્વર્યા રાય બચ્ચન, દીપિકા પાદુકોણ, મલ્લિકા શેરાવત અને હુમા કુરેશી. આ બધા એક્ટર્સએ હોલિવૂડમાં જવા માટે ઘણા પ્રયત્નો કર્યાં. તેમાના કેટલાક નિષ્ફળ રહ્યા, કેટલાક આંશિક સફળ રહ્યા, તો કેટલાકને થોડી સફળતા હાથ લાગી. તેમ છતાં, પ્રિયંકા ચોપરાએ જે સફળતા મેળવી તેની તોલે કોઈ આવી શકે નહીં. પ્રિયંકાએ ફક્ત બોલિવૂડમાં જ નહીં પણ હોલિવૂડમાં પણ પોતાનું નામ કર્યું છે.

પ્રિયંકાએ 'હીરો:લવ સ્ટોરી ઓફ અ સ્પાય' અને 'અંદાઝ' જેવી ફિલ્મોથી બોલિવૂડમાં પોતાની કારકિર્દીની શરૂઆત કરી અને ત્યાર બાદ 'ઐતરાઝ' ફિલ્માં નેગેટીવ ભૂમિકા કરીને અને પોતાની એક્ટિંગથી બધાને પ્રભાવિત કરી દીધા. બોલિવૂડમાં પ્રિયંકાની સફર ઘણી રસપ્રદ રહી. તેણે ક્રિશ, ડોન, ફેશન, ૭ ખૂન માફ અને બર્ફી જેવી યાદગાર ફિલ્મો કરી જેમાં તેની એક્ટિંગની ઘણી પ્રશંસા થઈ અને વળી, તે બધી હીટ પણ રહી. આમ, પ્રિયંકાએ બોલિવૂડમાં પોતાનું સ્થાન બનાવી લીધુ હતું પરંતુ, પ્રિયંકા અહીં અટકી નહીં. પ્રિયંકાના લક્ષ્યનું આકાશ હજી દૂર હતું જ્યાં તેણે હજી પહોંચવાનું બાકી હતું. પ્રિયંકાએ લગભગ ૧૦ વર્ષ સુધી પ્રયત્નો કર્યાં અને આખરે તેને હોલિવૂડમાં એક બ્રેક મળ્યો. પ્રિયંકાને સૌ પ્રથમ 'બે વોચ'માં એક્ટિંગ કરવાની તક મળી અને ત્યાર બાદ, 'ઈઝંટ ઈટ રોમેન્ટિક', 'ધ વાઈટ ટાઈગર', 'ધ મેટ્રીક્સ રીઝરેકશન' અને 'લવ અગેન' જેવી ફિલ્મ્સ મળી. એમેઝોનની થ્રીલર સીરીઝ 'સિટાડેલ'માં પ્રિયંકાને લીડ રોલ મળ્યો જેના માટે તેની ઘણી પ્રશંસા થઈ અને આ રીતે તેણે હોલિવૂડમાં પણ પોતાનું સ્થાન બનાવી લીધું. 'ક્વાંટીકો' જેવી થ્રીલર વેબ સીરીઝથી તે અમેરિકન નેટવર્ક ડ્રામા સીરીઝમાં ટોચ પર આવનાર પ્રથમ દક્ષિણ એશિયાઈ એક્ટર બની. એવું નથી કે પ્રિયંકા સિવાય બોલિવૂડના અન્ય કોઈ એક્ટરને હોલિવૂડમાં કોઈ તક મળી જ નથી. અગાઉ, ઐશ્વર્યા રાયને 'બ્રાઇડ એન્ડ પ્રેજ્યુડીસ', 'ધ મિસ્ટ્રેસ ઓફ સ્પાઈસીસ' અને 'ધ પિંક પેન્થર -2' જેવી ફિલ્મમાં કામ કરવાની તક મળી. દીપિકા પદુકોણને 'XXX :રીટર્ન ઓફ ઝાંડર કેજ'માં વિન ડીઝલ સાથે એક્ટિંગ કરવા મળી હતી. તે ઉપરાંત, મલ્લિકા શેરાવતને 'હિસ્સ' અને 'પોલીટીક્સ ઓફ લવ'માં નજીવો રોલ મળ્યો. આમ, પ્રિયંકાની જેમ હોલિવૂડમાં કોઈનું પણ ફૂલ ફ્લેજ કરિયર બન્યું નથી. પ્રિયંકાનું નામ ઈન્ટરનેશનલ સ્ટાર્સ સાથે લેવામાં આવે છે.

ઘણા એવી દલીલ કરે કે પ્રિયંકાએ અમેરિકન પોપ સિંગર નીક જોનાસ સાથે લગ્ન કર્યાં તે માટે તેને આટલી લાઈમલાઈટ મળે છે, તેના કારણે તેને હોલિવૂડમાં ઓળખતા થયા છે. પરંતુ, આ વાતમાં કોઈ તથ્ય નથી. ખરેખર તો નીક જોનાસ સાથે લગ્ન થયા તે પહેલાં જ પ્રિયંકાએ હોલિવુડમાં પોતાનું સ્થાન બનાવી લીધું હતું. પ્રિયંકાએ જેટલું નક્કર કામ હોલિવૂડમાં કર્યું છે તેવું અત્યાર સુધી કોઈ પણ અભિનેત્રી એ કર્યું નથી. હાલમાં, સુત્રોના જણાવ્યા પ્રમાણે, અનન્યા પાંડે પણ હોલિવૂડમાં કામ મેળવવા માટે પ્રયત્ન કરી રહી હતી. તેણે ઘણા વિદેશી પ્રોજેક્સ માટે ઓડીશન આપ્યા. પરંતુ, મોટાભાગે તેને દરેક જગ્યાએથી સારો પ્રતિસાદ મળ્યો નથી. અનન્યા ભારતમાં ભલે ખૂબ પ્રસિદ્ધ હોય અને યુવાનોમાં તેનું કામ ગમતું હોય પણ, આંતરરાષ્ટ્રીય સ્તરે હજી તેણે ઘણું કામ કરવાનું બાકી છે. સ્ત્રોત કહે છે કે, હાલમાં જ અનન્યા એ એક હોલિવૂડના મોટા પ્રોજેક્ટ માટે ઓડીશન આપ્યું અને તેનું પરફોર્મન્સ ઘણું ખરાબ ગયું. તે એટલું ખરાબ હતું કે કાસ્ટિંગ ડાયરેક્ટરે તેની મજાક ઉડાવી દીધી. આ વાતથી અનન્યા દુ:ખી થઇ ગઈ અને તે અપમાનિત થયાની લાગણી અનુભવવા લાગી. તે લગભગ રડી પડી અને તેને પોતાની ટીમ પર એટલો ગુસ્સો આવ્યો કે તેણે તેની ટીમના એક સભ્યને પણ કાઢી મુક્યો. કારણ એ હતું કે તેણે અનન્યાની તાકાત અને નબળાઈ સમજ્યા વિના જ તેને ઓડીશન માટે મોકલી દીધી. આના પછી તેની ટીમ વધારે સાવધ રહીને કામ કરી રહી છે અને સમજી વિચારીને કરારો કરે છે. આ બધું એટલા માટે કે અનન્યા તેની આંતરરાષ્ટ્રીય છબી સારી બનાવી શકે. તે એક ખાસ પ્રકારની સુંદર અને મહત્વાકાંક્ષી ઈમેજ બનાવવા માંગે છે જેથી વિદેશી ડાયરેક્ટરો તેને નોટીસ કરે. તેની ટીમ પણ આ વાતને સમર્થન આપે છે . અનન્યા નવા શોનું ટાઈટલ પણ અંગ્રેજીમાં રાખવાનો આગ્રહ રાખે છે. તેનું વિચારવાનું છે કે અંગ્રેજી ટાઈટલથી આ શો વિશ્વભરના લોકો જોઈ શકશે. આનાથી તેને વિદેશી કામ મેળવવાની તક વધશે. શોનું કન્ટેન્ટ પણ આંતરરાષ્ટ્રીય સ્તરનું રાખવાની તૈયારી ચાલી રહી છે. અનન્યા ગમે તેટલા પ્રયત્ન કરે પણ જે સફળતા પ્રિયંકા ચોપરાએ મેળવી છે તે સફળતાથી અનન્યા કે અન્ય કોઈ પણ એક્ટ્રેસ હજી ઘણી દૂર છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ મેળવવી એ કઈ નાની સુની વાત નથી, તેના માટે ઘણી મહેનત લાગે છે, ઘણા પ્રયત્નો કરવા પડે છે. પ્રિયંકાને તેની મહેનતથી આ આંતરરાષ્ટ્રીય સ્થાન મળ્યું છે અને હાલના તબક્કે જોતા એમ લાગે છે કે કઈ બધા જ પ્રિયંકા ચોપરા જેવી સફળતા ન મેળવી શકે, બધા જ પ્રિયંકા બની શકતાં નથી! •

## આર. માધવન કોસ્મેટીક ફાધર નથી



આર. માધવન કે જે હાલમાં , ધુરંધર: ધ રિવેન્જની સફળતા એન્જોય કરી રહ્યો છે. તે પોતાની બાળઉછેરની રીત શેર કરે છે. મોડર્ન ટાઈમમાં જે પધ્ધતિ છે તેના કરતાં તદ્દન અલગ રીત આર. માધવન અનુસરે છે. તે જણાવે છે કે બાળકો સાથે સમય પસાર કરવાના કોન્સેપ્ટમાં તે વિશ્વાસ રાખતો નથી. આ પધ્ધતિ પાશ્ચાત્યની છે. બાળકો સાથે 'ક્વોલીટી ટાઈમ' સ્પેન્ડ કરવાનો કોન્સેપ્ટ આપણી સંસ્કૃતિમાં નથી અને તે એ રીતે બાળઉછેર કરવામાં માનતો નથી . તેના બદલે તે માર્ગદર્શન આપવામાં , મુલ્યો સ્થાપિત કરવામાં અને વિશ્વાસના આશરે બાળઉછેર કરવામાં માને છે. આ એક્ટર શેર કરે છે કે તે 'કોસ્મેટીક ફાધર' બનતો નથી કે જે ઉપરછલ્લી રીતે બાળકની લાઈફમાં દરેક જગ્યાએ જોવા મળે છે. આર. માધવનનું માનવું છે કે બાળકો સાથે ટાઈમ સ્પેન્ડ કરવા માટે ક્યાં તો પુરતો સમય હોય છે અથવા પુરતો સમય ક્યારેય નથી હોતો અને વળી, બાળઉછેર કરવા માટે તમારે તેની સાથે 'ક્વોલીટી ટાઈમ' સ્પેન્ડ કરવાની જરૂર નથી. આ એક્ટર કહે છે કે એક વાર તેના દીકરાએ ફરિયાદ કરી હતી જ્યારે તે ૬ વર્ષનો હતો ત્યારે કે, તે તેની સાથે 'ક્વોલીટી ટાઈમ' પસાર કરતો નથી. ત્યારે તેણે જે કહ્યું તે યાદ કરતાં માધવન કહે છે કે પેલા મારા પિતા બેઠાં છે તેમને જો. તેમણે પણ મારી સાથે ક્યારેય પુરતો સમય પસાર કર્યો નથી ....પરંતુ મને જ્યારે પણ તેમની જરૂર પડે છે ત્યારે તેઓ મારી પડખે ઊભા રહે છે. તેઓ મને આત્મબળ આપે છે. દાર્શનિક રીતે તે વ્યક્તિ મને જ્યારે પણ જરૂર પડે છે ત્યારે સપોર્ટ માટે હાજર હોય જ છે. હું જે કરવા માંગતો હતો તેના માટે તેમણે મને પૈસા પુરા પડ્યા અને મારામાં ગુણોનું સિંચન કર્યું. હું તે વ્યક્તિને ખૂબ પ્રેમ કરું છે અને હું ખાતરી કરીશ કે હું તેનો શ્રેષ્ઠ પુત્ર બની રહું. જો તું મારી પાસેથી આ 'કોસ્મેટીક પિતા' જેવી અપેક્ષા રાખતા હોવ કે જે તમારી શાળામાં આવશે, ત્યાંની રમતોમાં હિસ્સો લેશે, તો તે હું ન કરી શકું. ....પરંતુ, તને ક્યારેય કોઈ મદદની જરૂર હોય તો હું હંમેશાં તારી પડખે રહીશ. વાતચીત આગળ વધારતા આર. માધવન કહે છે કે તે પોતાના દીકરાને કોઈ પણ જાતના ખચકાટ વિના, કોઈની પણ સાથે સરખામણી કર્યા વિના લાઈફ જીવવા માટે પ્રેરે છે. તે કહે છે કે, એક ભારતીય બાળકની જેમ જીવવું જોઈએ...ઘરની બહાર નીકળો અને રમો. લોકો એમ કહે કે મારા પિતાએ આમ કર્યું કે તેઓ આમ કરતાં નથી એવી વાતોની પરવાહ કરવી નહિ અને તેનાથી અસુરક્ષિત ફીલ કરવાની જરૂર નથી. હું પણ ઘણું કરી શક્યો હોત પણ મને તેનો અફસોસ નથી. •

## ભૂમિનું પાણી પ્રીમિયમ કેટેગરીનું છે

બોલિવ્લોગ વિથ પૉપ



ભૂમિ પેડનેકરે ૨૦૨૫માં તેની પેકેજ્ડ વોટર બ્રૅન્ડ બેકબે લોન્ચ કરી હતી અને ત્યારે તેણે સ્પષ્ટતા કરી હતી કે આ પ્રીમિયમ વોટર બ્રૅન્ડ છે. તે સમયે તેની ઊંચી કિમતોને કારણે તેણે ઘણી ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, કારણ કે ૫૦૦મિલી બોટલના ૧૫૦ રૂપિયા હતા અને ૭૫૦ મિલી ૨૦૦ રૂપિયામાં વેચાતું હતું. હવે, ભૂમિએ કહ્યું કે, તેમણે શરૂઆત વોટર બ્રૅન્ડ તરીકે કરી હતી અને હવે તેઓ સ્પાર્કલીંગ વોટર લોન્ચ કરતાની સાથે બેવરેજ બ્રૅન્ડમાં વિસ્તરણ કરશે. તે સ્વીકારે છે કે તેની વોટર બ્રૅન્ડ મોંઘી છે પરંતુ, આ જ કેટેગરીની અન્ય બ્રૅન્ડ આના કરતાં વધારે મોંઘી હોય છે. ભૂમિ કહે છે કે,'ભારતમાં એવી ઘણી આંતરરાષ્ટ્રીય બ્રૅન્ડ્સ છે. જે પાણીના લોકો ૪૦૦-૫૦૦ રૂપિયા આપે છે. તે બધાની સામે અમારી પ્રોડક્ટ એટલી મોંઘી નથી.'ભૂમિ વધુમાં આગળ જણાવે છે કે, જ્યારે તેણે આ કંપની શરૂ કરી હતી ત્યારે તેણે કહેવામાં આવ્યું હતું કે તેણે મોટી બ્રૅન્ડ્સ સાથે હરીફાઈ કરવી પડશે. પરંતુ, તેને વિશ્વાસ હતો કે તે 'સારી પ્રોડક્ટ' વેચી રહી છે એટલે તે કંપની શરૂ કરવાના પોતાના નિર્ણય પર અડગ રહી. 'અમે આ કંપની નૈતિક રીતે ચલાવી રહ્યા છીએ. અમે શુદ્ધ પ્રોડક્ટ લોકોને આપી રહ્યા છીએ જેનું વચન અમે લોકોને આપ્યું હતું અને અમને આ કામમાં મજા પણ આવે છે.' હું પ્રીમિયમ કેટેગરીમાં છું. જ્યારે પણ મારે માસ માર્કેટમાં પ્રવેશ કરવો હોય ત્યારે હું બેકબે સાથે નહીં પરંતુ તેના જેવી બીજી બ્રૅન્ડ લઈને આવીશ. ભૂમિએ કહે છે કે હાલમાં બેક્બેની વેબસાઈટ ૫૦૦ મિલી [૧૨નુ પેકેટ] ૧,૫૫૬ રૂ.માં વેચી રહી છે જેમાં પ્રતિ યુનિટ ૧૨૯.૬ રૂ. મળે છે. તેવી જ રીતે ૭૫૦ મિલી [૧૨નુ પેકેટ] ૨,૧૧૧ રૂ. માં વેચે છે જે લગભગ પ્રતિ યુનિટ ૧૭૬ રૂ. મેળવી આપે છે. •